૨૦-૧૨-૨૦૨૨ પ્રાતઃમોરલી ઓમ્ શાંતિ "બાપદાદા" મધુબન

**"મીઠાં બાળકો - તમને ખુશી થવી જોઈએ કે અમે હવે આ દુનિયા, આ બધુંજ છોડી પોતાનાં ઘરે શાંતિધામ જઈશું પછી સુખધામ માં આવીશું"**

**પ્રશ્ન :-** આ નાજુક રસ્તા માં નિરંતર આગળ વધવા માટે કઈ ખબરદારી જરુર રાખવાની છે?

**ઉત્તર :-** ક્યારેય પણ કોઈ વ્યર્થ અથવા શૈતાની (આસુરી) વાતો સંભળાવે તો એનાં મિત્ર નહીં બનો. હા જી કરીને ગ્લાનિ (નિંદા) ની વાતો સાંભળવી એટલે બાપનાં નાફરમાનવરદાર બનવું, એટલે રહેમદિલ બની એની આદત ને ખતમ કરવાની છે. બાપનાં ફરમાનવરદાર બનવાનું છે. જ્ઞાન નો સુરમો લગાવી લેવાનો છે. આ ખુબ જ નાજુક રસ્તો છે જેમાં ખબરદાર થઈને ચાલવાથી જ આગળ વધતાં રહેશો.

**ગીત :-** ઇસ પાપ કી દુનિયા સે....

**ઓમ્ શાંતિ!** મીઠાં બાળકો હમણાં તમે સમજદાર બન્યાં છો અને ફીલ (અનુભવ) કરો છો કે પહેલાં અમે કેટલાં બેસમજ હતાં. આ પણ સમજ માં નહોતું આવતું કે આ પતિત દુનિયા છે અને આ જ ભારતમાં જ્યારે દેવી-દેવતાઓનું રાજ્ય હતું તો પાવન સુખી હતાં. એમાં કોઈ દુઃખ ની વાત નહોતી. પરંતુ આ પણ નિશ્ચય નહોતો કે સ્વર્ગ માં સદૈવ સુખ હશે. સ્વર્ગની કોઈને ખબર નહોતી. મનુષ્ય તો સમજે છે ત્યાં પણ દુઃખ હતું. આ છે બેસમજી. હવે આપ બાળકો સમજદાર બન્યાં છો. બાપે આવીને સમજાવ્યું છે. એમની શ્રીમત પર તમે ચાલી રહ્યાં છો. મનુષ્ય કહે પણ છે કે આ પતિત દુનિયા છે. સ્વર્ગ પાવન દુનિયા હતી. પાવન દુનિયામાં પણ દુઃખ હોય પછી તો દુઃખની જ દુનિયા થઈ. પછી ગીત પણ ખોટું થઈ જાય છે. કહે છે હે બાબા એવી જગ્યાએ લઈ ચાલો જ્યાં આરામ, સુખ-ચેન હોય. બાળકો આ પણ જાણે છે કે સ્વર્ગ સોનાની ચિડીયા (ચકલી) હતી. દેવી-દેવતા હતાં, કહે પણ છે અમે એક-બીજાને દુઃખ નહોતા આપતાં. પરંતુ પછી કહી દે છે કે આ દુઃખ સુખ બધું પરંપરા થી ચાલ્યું આવે છે. કૃષ્ણ પર પણ ખોટાં કલંક લગાવી દીધાં છે. કહેવાય છે જેવી પતિતો ની દૃષ્ટિ તેવી સૃષ્ટિ, સમજે છે આખી સૃષ્ટિ પતિત જ છે. આ સમયે એમની દૃષ્ટિ જ પતિત છે તો આખી સૃષ્ટિ ને જ પતિત સમજે છે. કહી દે છે કે પરંપરા થી આ પતિત પણું ચાલ્યું આવે છે.

હવે આપ બાળકોમાં સમજ આવતી જાય છે - તે પણ નંબરવાર પુરુષાર્થ અનુસાર. બાળકો ને પરમપિતા પરમાત્મા નાં ડાયરેક્શન (માર્ગદર્શન) મળે છે. આત્માઓ ને બાપ સમજાવે છે, સર્વ આત્માઓ પતિત છે એટલે પતિત આત્મા ને પાપ-આત્મા કહેવાય છે. બાપ આત્માઓ સાથે વાત કરે છે - તમે મારા અવિનાશી બાળકો છો. પછી મમ્મા બાબા પણ કહો છો. આ દુનિયામાં કોઈને પણ પિતાશ્રી ન કહી શકાય. શ્રી એટલે શ્રેષ્ઠ પરંતુ અહીં એક પણ મનુષ્ય શ્રેષ્ઠ નથી. આ તો એકની જ મહિમા થઈ શકે છે. ભલે તમે એમને આ સમયે કહો છો કારણ કે સંન્યાસ કરેલો છે શ્રેષ્ઠ બનવા માટે. તમે જાણો છો કે આપણે હવે ફરિશ્તા બનવાનાં છીએ. પરંતુ ચાલતાં-ચાલતાં, શ્રેષ્ઠ બનતાં-બનતાં ઝટ માયા રાવણ થપ્પડ લગાવીને ભ્રષ્ટ બનાવી દે છે. ભ્રષ્ટ ને શ્રી કહી ન શકો. શ્રી લક્ષ્મી, શ્રી નારાયણ. શ્રી રાધા, શ્રીકૃષ્ણ કહે છે. મંદિરો માં પણ જઈને એમની જ મહિમા ગાય છે. પોતાને શ્રેષ્ઠ કહી નથી શકતાં. હવે આપ બાળકોએ સમજ્યું છે ભારત શ્રેષ્ઠ હતું. ત્યાં મુત પલીતી (પતિત) નહોતાં. શુદ્ધ શ્રેષ્ઠ હતાં. બાપની મહિમા છે ને - મૂત પલીતી કપડા (પતિત આત્મા) ને ધોઈને કંચન કરી દે છે. આ સમયે તો બધાં પતિત છે. બરાબર છે પણ રાવણ રાજ્ય. મનુષ્ય રાવણ ને વર્ષે-વર્ષે બાળે છે. પરંતુ બળતો

જ નથી ફરી-ફરી ઉભો થઇ જાય છે. આ પણ મનુષ્યો ને સમજમાં નથી આવતું જ્યારે કે બાળી દે છે પછી દર વર્ષે નવો કેમ બનાવે છે? એનાંથી સિધ્ધ થાય છે કે રાવણ રાજ્ય ગયું નથી. સ્વર્ગ માં જ્યારે રામરાજ્ય હોય છે ત્યારે ત્યાં રાવણ ની એફીજી (પુતળુ) કાઢશે નહીં. કહે છે કે રાવણ ને બાળ્યો પછી લંકા ને લૂંટી. રાવણ ની લંકા સોનાની બનાવે છે. પરંતુ એવું નથી. આ તો આખી દુનિયા લંકા છે. આ આઇલેન્ડ (ટાપુ ) છે ને. આખી દુનિયા પર રાવણનું રાજ્ય છે. આ પણ આપ બાળકો સમજો છો. કોલેજ માં કોઇ બેસમજ જઈને બેસે તો શું સમજી શકશે. કાંઈ પણ નહીં. વેસ્ટ ઓફ ટાઇમ (સમય વ્યર્થ) કરશે. આ ઈશ્વરીય કોલેજ છે, આમાં નવાં વ્યક્તિ કોઈ સમજી નહીં શકે એટલે ૭ દિવસ કોરન્ટાઇન (એકાન્ત) માં બેસાડવા પડે. જ્યાં સુધી લાયક બને. તો પણ સારા વ્યક્તિ, રિલીઝિયસ માઇન્ડેડ (ધાર્મિક વિચારો નાં) છે તો એમને પૂછવાનું છે કે પરમપિતા પરમાત્મા તમારા શું લાગે છે? એ છે આત્માઓનાં પિતા અને પ્રજાપિતા પણ તો બાપ છે. આ પોઇન્ટ ખુબ સરસ છે. પરંતુ બાળકો આનાં પર એટલાં હર્ષિત નથી થતાં. બાપ કહે છે તમને નવાં-નવાં પોઇન્ટ સંભળાવું છું જેનાંથી તમને નશો ચઢે. કોઈને સમજાવવાની યુક્તિ આવડે. તમે ફોર્મ ભરાવીને પૂછી શકો છો કે પરમપિતા પરમાત્મા સાથે તમારો શું સંબંધ છે? કહેશે પરમપિતા તો પિતા થયાં ને, પછી એ સમયે સર્વવ્યાપી નું જ્ઞાન જ ઉડી જશે. તમે જ્યારે પ્રશ્ન પૂછશો તો કહેશે કે એ તો બાપ છે. આપણે બધાં બાળકો છીએ. એટલું માની લે તો લખાવી લેવું જોઈએ. પ્રજાપિતા નાં પણ બાળકો થયાં. એ શિવ થઇ ગયાં દાદા અને આ બાબા. શિવબાબા સ્વર્ગની સ્થાપના કરવા વાળા છે તો જરુર એમની પાસે થી જ વારસો મળશે. ખૂબજ સહજ માં સહજ વાતો કાઢવી પડે છે. મિત્ર-સંબંધીઓ વગેરેની પાસે જાઓ, એમને પણ સમજાવો. આ તો નશો છે ને અમે બાપદાદા પાસે થી વારસો મેળવીએ છીએ. માતા પાસે થી વારસો નહીં મળે. બાપે જ સ્વર્ગ ની સ્થાપના કરવાની છે ને. એ જ માલિક છે. જેવી રીતે એમને દાદા નાં વારસા નો હક છે, તેવી રીતે પોત્રા-પોત્રીઓને પણ હક છે. બાપ કહે છે મને યાદ કરો. એવું નથી કહેતાં કે આ દેહધારી ને પણ યાદ કરો. બાપ સન્મુખ વાત કરી રહ્યાં છે. કલ્પ પહેલાં પણ આ રીતે સમજાવ્યું હતું પરંતુ બાળકોને દેહ-અભિમાન બહુજ આવી જાય છે. દેહધારીઓ સાથે પ્રેમ થઇ જાય છે. બાપ કહે છે હે આત્માઓ તમે તો અશરીરી આવ્યાં હતાં ફરી પાર્ટ ભજવવા હવે ૮૪ જન્મ પૂરાં કર્યા છે. હવે હું કહું છું તમારે પાછા ચાલવાનું (જવાનું) છે. મામેકમ્ યાદ કરો તો વિકર્મ વિનાશ થશે. દેહધારીને યાદ કરવાથી વિકર્મ વિનાશ નહીં થાય. તમે વાયદો કરો છો બાબા અમે તમને જ યાદ કરીશું. તમારે આ જૂની દુનિયામાં હવે રહેવાનું જ નથી, આમાં કોઈ ચેન નથી એટલે કહો છો એવી જગાએ લઇ ચાલો જ્યાં સુખ ચેન હોય. આપ બાળકો જાણો છો આપણે પહેલાં જઇશું શાંતિધામ માં. ત્યાં સુખ નું નામ નહીં લઇશું. શાંતિ જ શાંતિ હશે. પછી જઇશું સુખધામ માં. ત્યાં પછી શાંતિનું નામ જ નહીં લઈશું. જ્યારે દુઃખ છે તો અશાંતિ છે. સુખ માં તો શાંતિ છે જ. પરંતુ તે શાંતિધામ નથી. શાંતિધામ છે આત્માઓનું સ્વીટ હોમ. બાપ આખાં આદિ-મધ્ય-અંત ને જાણવા વાળા છે. હવે આપ બાળકો નો ધંધો જ છે ભણવું-ભણાવવું અને પછી પોતાનાં શરીર નિર્વાહ અર્થ કર્મ પણ કરવાનું છે.

તમે જાણો છો કે આપણે આ મૃત્યુલોક માંથી અમરલોક માં ચાલ્યાં જઈશું વાયા શાંતિધામ. આ બુદ્ધિ માં યાદ રાખવાનું છે જ્યાં સુધી તમે ટ્રાન્સફર (પરિવર્તન) થઇ જાઓ. પોતાનાં ભણતર નાં રીઝલ્ટ (પરિણામ) સુધી ભણવું પડે. જ્યાં સુધી મૃત્યુ નથી થયું, ભણવાનું જ છે. આ તો યાદ કરી શકો છો ને કે હવે અમારે જવાનું છે ઘરે. આ દુનિયા, આ બધુંજ છોડવાનું છે. ખુશી થવી જોઈએ. બેહદ નાટક નું રહસ્ય પણ સમજી ગયાં છો. હદ નું

નાટક પૂરું થાય છે તો કપડાં બદલીને ઘરે ચાલ્યાં જાય છે. એવી રીતે આપણે પણ જવાનું છે. ૮૪ જન્મો નું ચક્ર પૂરું થાય છે. યાદ પણ કરે છે હે પતિત-પાવન આવો. શિવબાબા ને જ યાદ કરશે. એક તરફ કહે છે પતિત-પાવન આવો બીજી તરફ પછી સર્વવ્યાપી કહી દે છે. કોઈ અર્થ જ નથી નીકળતો. બાળકોને કેટલું સહજ રીતે સમજાવે છે - શાંતિધામ ને યાદ કરો. આ દુઃખધામ છે, એનો વિનાશ પણ સામે છે. આ એ જ મહાભારત લડાઇ છે. યુરોપવાસી યાદવ પણ છે અને કૌરવ પાંડવ ભાઈ-ભાઈ છે. આપણે એક જ ઘરનાં છીએ ને. ભાઇ-ભાઇ માં યુદ્ધ થઇ નથી શકતું. અહીં તો યુદ્ધની વાત જ નથી. પરંતુ મનુષ્યો નો પણ ધંધો છે એક-બીજા ને લડાવવાં. આ તો એક રિવાજ છે. બધાં એક-બીજા નાં દુશ્મન છે. બાળક પણ બાપ નો દુશ્મન બની પડે છે. મૃત્યુલોક નાં રીત-રિવાજ પણ બધાનાં પોત-પોતાનાં છે. બાપનો પ્લાન જુઓ કેટલો મોટો છે. બધાનાં પ્લાન્સ ખતમ કરી દે છે અને સુખધામ ની સ્થાપના કરે છે. બાકી બધાંને શાંતિધામ માં મોકલી દે છે. આપ બાળકો જુઓ છો કે અમે કોની સામે બેઠા છીએ. નિશ્ચય છે પરમપિતા પરમાત્મા જ્ઞાન નાં સાગર છે. આ કર્મેન્દ્રિયો દ્વારા અમને જ્ઞાન આપી રહ્યાં છે બીજા કોઇ સત્સંગ માં આવું હશે શું. અહીં બાપ સામે બેસી સમજાવે છે. જાણો છો કે બાપ અમારા આત્માઓ સાથે વાત કરે છે. અમે કાનો થી સાંભળીએ છીએ. બાબા આ દાદા નાં મુખ દ્વારા બોલે છે. જે રતન બાબા નાં મુખે થી નીકળે તે જ આપ બાળકોનાં મુખ થી નીકળવાં જોઈએ. સદૈવ મુખ થી રતન જ નીકળે. ફાલતુ શૈતાની વાતો સાંભળવી પણ ન જોઈએ. કોઈ તો બહુજ ખુશીથી બેસી સાંભળે છે. બાપ કહે છે કે એવી વાતો સાંભળો અથવા કોઈને કરતા જુઓ તો બાબાને બતાવો તો બાબા સમજણ આપશે. નહીં તો તેઓ પાક્કા થઇ જાય છે. પરંતુ આવું થતું રહે છે. બાબાને સંભળાવતાં નથી કે બાબા આ ફાલતુ વાતો સંભળાવે છે, એમને મનાઈ કરવામાં આવે તો આદત નીકળી જાય. બાપ સભા માં સમજાવશે પરંતુ એવાનાં પછી મિત્ર બની જાય છે. માયા સારા-સારા બાળકોની બુદ્ધિ પણ પથ્થર બનાવી દે છે. બાપનાં ફરમાનવરદાર બાળકો બનતાં જ નથી, ખુબ નાજુક રસ્તો છે. આમાં ખૂબજ ખબરદારી રાખવી જોઈએ. રહેમદિલ બની કોઈનાં માં આદત છે તો છોડાવવી જોઈએ. હા જી કરીને સાંભળવું ન જોઈએ. બાબા જે સુખધામ નાં માલિક બનાવે છે, એવાં બાબાની ગ્લાનિ તો આપણે ક્યારેય નહીં સાંભળીશું. આપણે તો શિવબાબા પાસે થી વારસો લેવાનો છે બીજી વાતો થી શું સંબંધ. કોઈ સાંભળે ન સાંભળે આપણે તો જ્ઞાનનો સૂરમો લગાવીએ લઈએ. કોઈ જ્ઞાન અંજન મેળવે છે કોઈ તો પછી ધૂળ અંજન મેળવે છે. એનાંથી જ્ઞાન નું ત્રીજું નેત્ર ખુલતું જ નથી. બાબા આટલું તો સહજ કરી સમજાવે છે જે કેવા પણ રોગી, આંધળા, લંગડા હોય તે પણ સમજી જાય. અલ્ફ અને બે આ બે શબ્દ છે. બાપ સમજાવે છે બાળકો, મિત્ર-સંબંધીઓ વગેરે સાથે પણ દોસ્તી રાખો. બહુજ મીઠાં બનો.

તમારું કામ જ છે બાપ નો પરિચય આપવો. ભલે દુશ્મન હોય તો પણ મિત્રતા રાખવાની છે. બહુજ મીઠાં બનવાનું છે. બાપ કહે છે તમે આસુરી મત પર મને કેટલી ગાળો આપી છે, મારો અપકાર કર્યો છે તો પણ હું તમારા પર કેટલો ઉપકાર કરું છું. ઈશ્વર નો અપકાર થવો પણ ડ્રામા માં નોંધ છે. ત્યારે તો કહે છે કે યદા યદાહિ.... આવ્યાં પણ ભારત માં છે. સમજાવી પણ રહ્યાં છે. બાળકોએ દરેક વાત સારી રીતે સમજવાની છે. કોઈની તકદીર માં નથી તો પછી તે જ આસુરી ધંધો કરતાં રહેશે. અહીંથી બહાર ગયાં અને આ વાતો ને ભૂલી જશે. નિંદા કરતા-કરતા આ હાલ થઈ ગયો છે. હવે આ નિંદા કરવાનું તો છોડી દો. તમારું નામ તો લખાયેલું છે પ્રજાપિતા બ્રહ્મા કુમાર-કુમારીઓ. સમજી જશે શિવ નાં પોત્રા-પોત્રીઓ થયાં. જરુર સ્વર્ગ નો વારસો મળતો હશે. ભારત ને વારસો હતો, હમણાં નથી, ફરી હવે મળે છે. સતયુગ માં ફક્ત સૂર્યવંશી જ હતાં. હવે તમે બાપ ને

યાદ કરો તો વિકર્મ વિનાશ થશે અને ત્યાં પહોંચી જશો. કેટલું સારી રીતે સમજાવે છે. આપ બાળકોએ પણ સર્વિસ (સેવા) કરવાની છે પરંતુ પહેલાં પોતાની વૃત્તિ પણ સારી જોઈએ. ફક્ત પંડિત નથી બનવાનું. પાક્કા યોગી, રાજઋષિ હશે તો બીજા ને તીર લાગશે. પોતાનામાં જ કોઈ કમી હશે તો બીજાને બોલી નહીં શકશે. શરમ આવતી રહેશે, પોતાનાં પાપ અંદર ખાતા રહેશે. દરેક વાત માટે બાબા સમજાવે ખૂબ સારું છે. કલ્પ પહેલાં પણ આમ જ સમજાવ્યું હતું. દેવી-દેવતા ધર્મ તો જરુર સ્થાપન થશે કોઈ ભણે કે ન ભણે. છતાં પણ બાપ કહે છે થોડા સમજદાર બનો. આ કમાણી અને એ કમાણીને બુદ્ધિમાં રાખો. સાચ્ચી કમાણી બાપ જ કરાવે છે. બાપ અને સ્વર્ગ ને યાદ કરવું, આ ભૂલો નહીં. યાદ કરતા-કરતા અંત મતિ સો ગતિ થઈ જશે. સવારે ઉઠી બાપની યાદ માં બેસો. જો સુસ્તી આવે છે તો સમજાય છે તકદીર માં નથી. એવી પ્રેક્ટિસ કરવાની છે જે અંતમાં દેહ પણ યાદ ન આવે. આપણે આત્મા છીએ. અચ્છા!

મીઠાં-મીઠાં સિકિલધા બાળકો પ્રતિ માત-પિતા બાપદાદા નાં યાદ-પ્યાર અને ગુડમોર્નિંગ. રુહાની બાપ નાં રુહાની બાળકોને નમસ્તે.

**ધારણા માટે મુખ્ય સારઃ-**

૧) પોતાની વૃત્તિ ને શુદ્ધ રાખી દુશ્મન ને પણ મિત્ર બનાવવાનાં છે. અપકારી પર પણ ઉપકાર કરી બાપ નો સાચ્ચો પરિચય આપવાનો છે.

૨) જે રતન બાબાનાં મુખ થી નીકળે છે તે જ રતન કાઢવાનાં (બોલવાના) છે. કોઈ પણ વ્યર્થ વાતો નથી સાંભળવાની નથી સંભળાવવાની.

**વરદાન :- સંગમયુગ નાં સમય નું મહત્વ જાણી પરમાત્મ દુવાઓથી ઝોલી ભરવા વાળા માયાજીત ભવ**

સંગમયુગ ની એક સેકન્ડ બીજા યુગો નાં એક વર્ષ થી પણ વધારે છે, આ સમયે એક સેકન્ડ પણ ગુમાવી તો સેકન્ડ નહીં પરંતુ ઘણું બધું ગુમાવ્યું. એટલું મહત્વ સદા યાદ રહે તો દરેક સેકન્ડ પરમાત્મ દુવાઓ પ્રાપ્ત કરતા રહેશો અને જેની ઝોલી પરમાત્મ દુવાઓથી સદા ભરપૂર છે એમની પાસે ક્યારેય માયા આવી નથી શકતી. દૂર થી જ ભાગી જશે. તો સમય ને બચાવવો - આ જ તીવ્ર પુરુષાર્થ છે. તીવ્ર પુરુષાર્થી અર્થાત્ સદા માયાજીત.

**સ્લોગન :-** જે આજ્ઞાકારી છે એ જ બાપ ની તથા પરિવારની દુવાઓનાં પાત્ર છે.